**MBM-1601010301020402** Seat No. ________

**B. A. (Sem. II) (CBCS) Examination**

**March / April - 2018**

**Gujarati**

***(ગુજરાતી વ્યાકરણ, સર્જન-લેખન કૌશલ-૨)***

***(Elective - II) (New Course)***

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના** : (૧) કુલ પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

**૧** નીચેના 'બે' પૈકી કોઈ પણ **એક** ગદ્યખંડનું વિવરણ કરો : **૧૪**

**(૧)**

સૌંદર્યની ઉપાસના ધર્મપ્રેરક નીવડી અને નીવડે. કલા ધર્મની માતા જ નથી, તેને જીવંત રાખતી અમર સંજીવની છે. હું પુષ્ટિમાંર્ગી વૈષ્ણવ નથી, પણ સાયંકાળે તેમના મંદિરે જઉં તો ત્યાં વહેતા સંગીતથી મુગ્ધ થાઉં અને અદ્‌ભુત સંવેદનો અનુભવું. খ્રિસ્તી ધર્મનાં વેનિસ આદિનાં ભવ્ય પ્રાર્થના મંદિરનાં રસ્કિનનાં વર્ણનો વાંચતાં ધાર્મિક લાગણીઓ ઉદ્‌ભવે ને સંતોષાય છે. બાયબલ કરતા બૉટી ચેલી, રાફેલ, ઍન્જેલો આદિની કલાકૃતિઓથી ખ્રિસ્તીધર્મ વધુ જીવંત રહ્યો છે; તેના સિદ્ધાંતો કરતાં નરસિંહ, સુરદાસ, મીરાં વગેરેથી વૈષ્ણવ-પંથ વધુ પ્રાણવંતો છે; અને પંથ ઉપપંથને વ્યાપી રહેતો ગગન જેવો આપણો હિંદુ ધર્મ યુગેયુગે ભગવદ્‌ગીતા અને ઉપનિષદની કવિતામાંથી નવો અવતાર પામે છે. કલા આ વસ્તુ પોતાની જાતને સંપૂર્ણ પ્રમાણિત રહીને સાધી શકે. બાળક રમે છે તેમાં તેનું તંદુરસ્તી જાળવવાનો હેતુ નથી, પણ રમતથી સ્વાસ્થ્ય જળવાયને શરીર કસાય છે. નદી વહે છે તેમાં ખેતરો પોષવાનો તેનો હેતુ નથી; તે તેનું સ્વભાવ જન્ય કામ કરે છે. અને ખેતરો પોષાય છે.

**- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

**અથવા**

## (૨)

જેને વેદ કહેવાય છે, તે લખાણનો સમૂહ અમુક માણસોની વાણી છે એવું નથી. એનો કાળ કે તારીખ કદી નક્કી થયાં નથી, કદી નક્કી થઈ શકે તેમ નથી. અને આપણી માન્યતા પ્રમાણે તો વેદો સનાતન છે. વિશ્વના બીજા બધા ધર્મો જે ગ્રંથોને પ્રમાણ ગણે છે તે અંગે તેમનો એવો દાવો છે કે તે ગ્રંથના શબ્દો એક વ્યક્તિરૂપ ઈશ્વર પાસેથી અથવા વ્યક્તિરૂપ ઘણા દેવાતાઓ પાસેથી, અથવા ઈશ્વરના ખાસ દૂતો પાસેથી અમુક વ્યક્તિઓને આપવામાં આવેલ છે; જ્યારે હિંદુઓનો દાવો એવો છે કે વેદોનું પ્રામાણ્ય બીજા કોઈ પાસેથી મળેલું નથી; વેદો સ્વયં પ્રમાણ છે. કારણ કે એ સનાતન છે. એ ઈશ્વરનું જ્ઞાન છે. એ વેદો કદી લખાયા નથી. એમની કદી રચના કરવામાં આવી નથી, અનંત કાળ દરમિયાન તેમનું અસ્તિત્ત્વ રહેતું જ આવ્યું છે; જે પ્રમાણે સૃષ્ટિ અનંત અને શાશ્વત છે, આદિ અને અંત રહિત છે તે પ્રમાણે ઈશ્વરનું જ્ઞાન પણ અનાદિ અને અનંત છે. અને વેદોનો અર્થ થાય છે જ્ઞાન. જે જ્ઞાનસમૂહને વેદાંત કહેવામાં આવે છે તેની શોધ કરનારા મહાપુરુષોને ઋષિ કહેવાય છે. અને ઋષિ એટલે મંત્રદષ્ટા, એટલે કે વિચારને જોનારા; એ વિચાર એમનો પોતાનો હતો એવું નહીં. જ્યારે જ્યારે તમારા સાંભળવામાં આવે કે વેદના અમુક મંત્રો ઋષિ પાસેથી આવ્યા છે, ત્યારે એમન ધારતા કે એ ઋષિએ એ લખ્યા, એ વિચાર એ મંત્રની ભાવના અગાઉથી જ અસ્તિત્વમાં હતી જ, એ ઋષિ તો માત્ર તેના દષ્ટા એટલે કે જોનારા હતા. એ વિચાર તો વિશ્વમાં સનાતન કાળથી અસ્તિત્વમાં હતો જ; આ ઋષિ તેના શોધનાર હતા.

- **સ્વામી વિવેકાનંદ**

૨ નીચેના ‘બે’ પૈકી કોઈ પણ એક ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો : **૧૪**

## (૧)

ઘણાં માણસો ભરજુવાનીમાં પણ ડોસાડોસી જેવાં જ હોય છે. એમનો આકાર જુવાન જેવો હોય છે, પણ આત્મા તો જરઠ જ હોય છે. દુનિયા છે તેવી જ બહુ સારી છે એમ માનનારાં, સો ગળણે ગાળીને પાણી પીનારાં અનેક ઠરેલ, ઠાવકાં ગણાતાં જુવાન સ્ત્રી-પુરુષો તત્ત્વતઃ જરઠ જ છે. જગતનો ભાગ આવા નિત્યજરઠોનો જ બનેલો છે. વ્યવહાર નભે છે - સંસારના સારામાઠા અંશો જળવાઈ રહે છે - તે તેમને જ લીધે. તો કેટલાક મનુષ્યો નિત્યયુવાન હોય છે. દેહ વૃદ્ધ થાય, છતાં એમનો આત્મા તો સદાયે યૌવનથી થનગની રહ્યો હોય છે. એમના જીવનમાં સદા ઉત્સાહ ઉછળતો હોય છે, ને શક્તિ લાવારસની પેઠે ઘૂમાઘૂમ કરી રહી હોય છે. એમની ઈચ્છાશક્તિ અદમ્ય હોય છે ને આદર્શ મહાન હોય છે. જગત જેવું છે તેવું કદી એમને સંતોષ આપી શકતું નથી. વર્તમાન અપૂર્ણ જગતમાંથી કોઈ પૂર્ણ જગત સરજાવવાની એમની નિત્ય લગની હોય છે. અને જગત જે કંઈ પ્રગતિ કરી શકે છે તે પણ આવા યુવક આત્માઓના યત્નોને લીધે જ. દુનિયામાં જે કંઈ સુધારા થાય છે તેમાં પ્રેરકબળ આવા યુવાનોનું જ હોય છે.

- **વિશ્વનાથ ભટ્ટ**

**અથવા**

(૨)

સાહિત્ય આપણને બે પ્રકારે આનંદ આપે છે. એક તો સત્યને મનોહર રીતે રજૂ કરીને અને બીજું સત્યને ગોચર કરીને. સત્યને ગોચર કરવું-કરાવવું ઘણું ભારે કામ છે... હિમાલય શું એક નાના ખાબોચિયાને પણ કવિ આપણી માનસિક દષ્ટિ આગળ ખડું કરે છે, ત્યારે આપણને આનંદ થાય છે. ખાબોચિયાને આપણે ઘણીવાર જોયું હોય, પરંતુ તેને ભાષા દ્વારા જોવાથી કાંઈક નવીનતા આવે છે. જેને મને આંખની ઈંદ્રિયથી જોઈ શકે છે તેને જ જો ભાષાની ઈંદ્રિયથી જોવામાં આવે તો તેમને એક ઓર રસ મળે છે. એ રીતે સાહિત્ય જાણે એક નવી ઈંદ્રિય માફક બનીને સમસ્ત જગતને આપણી પાસે નવા રૂપમાં રજૂ કરે છે. વળી તે ઉપરાંત પણ ભાષાનું એક વિશેષત્વ છે, તે માનવીની પોતાની બનાવટ છે. તે આપણા મનમાં ઢાળે ઘડાયેલી છે, અને આથી બહારનાં જે કોઈ પદાર્થને તે આપણી આગળ રજૂ કરે છે, તેને વિશેષ રીતે માનવભાવે રંગીને રજૂ કરે છે. ભાષા જે ચિત્ર આંકે છે, તે બધાં વાસ્તવિક હોય છે એટલા જ માત્ર કારણથી આપણો આદર પામતાં નથી. પરંતુ ભાષા જાણે તેમનામાં માનવરસનો સંચાર કરે છે. આમ હોવાથી તે ચિત્રો આપણા હૃદયને માટે નિકટનાં બની જાય છે. ચરાચર જગતને ભાષા દ્વારા માનવના ભીતરનું બનાવી લેવાથી તે આપણું અત્યંત નિકટનું થઈ ઊઠે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

૩ નીચેના ગદ્યખંડમાં યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ કરી પુનઃગદ્યખંડનું લેખન કરો : **૧૪**

એક ફિલ્મી શાયરે ગાયું છે દિલકે ટુકડે હજાર હુએ એક યહાં ગિરા એક વહાં ગિરા હવે દિલનું શું છે કે આપણામાંના કેટલાકની પાસે જ એ હોય છે બધા પાસે નથી હોતું વળી જેની પાસે હોય છે તેનુંય દિલ તૂટે છે માત્ર જુવાનીમાં જ એટલે દિલના હજાર ટુકડા થાય અને એક અહીં ફેંકતા જઈએ અને એક ત્યાં ફેંકતા જઈએ એવું સદ્‌ભાગ્ય તો કોકને જ મળે છે પણ ફોફાં કે ટુકડે દો ચાર હુએ એક યહાં ગિરા એક વહાં ગિરા એ ગીત તો ગૌરવપૂર્વક આપણે ગાઈ શકીએ એમ છીએ શૈશવથી વૃદ્ધાવસ્થા સુધી.

**અથવા**

૩ અવતરણચિહ્ન, ઉદ્‌ગારચિહ્ન અને પ્રશ્નચિહ્નનો પ્રયોગ વાક્યમાં ક્યારે કરવામાં આવે છે ? તે જણાવી, ત્રણેય ચિહ્નો માટે પ્રયોજાતી નિશાનીની ઓળખ ઉદાહરણ સાથે આપો. **૧૪**

૪ 'દ્વન્દ્વ' અને 'તત્પુરુષ' સમાસની વ્યાખ્યા આપી, તેના પ્રકારોની ઉદાહરણસહ સમજૂતી આપો. **૧૪**

**અથવા**

૪ નીચેના સમાસોનો વિગ્રહ કરી સમાસ ઓળખાવો. **૧૪**

(૧) નભાવતું

(૨) સ્વર્ગવાસ

(૩) યુદ્ધિષ્ઠિર

(૪) કલ્પવૃક્ષ
(૫) દહીંવડા
(૬) કાવ્યામૃત
(૭) ચોમાસુ

૫ નીચેના 'ચાર' પૈકી કોઈ પણ **બે** પ્રશ્નના માગ્યા પ્રમાણે ઉત્તર આપો : ૧૪

(૧) નીચેના રૂઢિપ્રયોગોના અર્થો આપી વાક્યમાં પ્રયોગ કરો.
(૧) ઘડોલાડવો થવો
(૨) ચૌદમું રતન
(૩) છાપરે ચડવું
(૪) લોહીનું પાણી કરવું
(૫) રોદણાં રડવાં
(૬) બાફી મારવું
(૭) ઊંડાપાણીમાં ઊતરવું

(૨) નીચેની કહેવતોનો અર્થ આપો.
(૧) દામ કરે કામ
(૨) દોરડી બળે પણ વળ ન છોડે
(૩) નવરો નખોદ વાળે
(૪) નાચવું નહિ ત્યારે આગણું વાંકું
(૫) બોલે તેના બોર વેચાય
(૬) રાત થોડી ને વેશ ઝાઝા
(૭) કાગનું બેસવું ને ડાળનું પડવું

(૩) નીચેના રૂઢિપ્રયોગોના અર્થો આપી વાક્યમાં પ્રયોગ કરો.
(૧) દેડકાની પાંચશેરી
(૨) દહાડા ભરાઈ જવા
(૩) થૂંકેલું ગળવું
(૪) ડંકો વગાડવો
(૫) હથેળીમાં ચાંદ બતાવવો
(૬) સંઘ કાશીએ પહોંચવો
(૭) નમતો દિવસ

(૪) નીચેની કહેવતોનો અર્થ આપો.
(૧) કાંકરે કાંકરે પાળ બંધાય
(૨) કૂતરાનું મોં બિલાડીએ ચાટ્યું
(૩) ગામને મોઢે ગળણું ન દેવાય
(૪) ઘરનાં છોકરાં ઘંટી ચાટે ને ઉપાધ્યાયને આટો
(૫) ઘેર ઘેર માટીના ચૂલા
(૬) ચોરનો ભાઈ ઘંટી ચોર
(૭) ઝાઝા હાથ રળિયામણા